જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૩૨/૨૦૨૩

**નરોડાઃ** બજરંગભાઈ સ/ઓ ઓમસિંહ રાજપુરોહીત (રહે. વાઇબ્રન્ટ રેસીડેન્સી હંસપુરા રેસીડેન્સીની બાજુમાં દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૫/૨૦૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા દુર્ગાપાર્ક શોપીંગ સેન્ટર દુકાન નં-બી/૪ માર્ક એક્ષપ્રેસ પ્રા.લી કુરીયરની દુકાનના શટરનુ તાળુ તોડી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી લેપટોપ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૮૩૩/૨૦૨૩

**બાપુનગરઃ** અલ્પાબહેન વા/ઓ પરેશભાઇ દેસાઇ (ઉ.વ.૫૦) (રહે. સિધ્ધાંત ફ્લેટ રામજી મંદિર પાસે ઇન્ડિયા કોલોની રોડ બાપુનગર) તા.૨૦/૦૫/૨૦૨૩ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર માતૃશક્તિ સોસાયટી સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અલ્પાબહેન દેસાઈના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલ્પાબહેન દેસાઇએ તા.૨૩/૦૫/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૩૪/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચેતનકુમાર વિઠ્ઠલદાસ શાહ (ઉ.વ.૬૨) (રહે. વેસ્ટન હાઈટ્સ જગતપુર ચાંદખેડા) એ તા.૨૩/૦૫/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૩ થી તા.૨૧/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના બેજમેન્ટ પાર્કીંગમાંથી પોતાની મારુતિ બ્રેઝા કાર નંબર જીજે ૦૯ બીજે ૭૧૧૫ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૩૫/૨૦૨૩**

**“એન” ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** શંકરભાઈ જગજીવનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૩) (રહે.ગુજરાત સોસાયટી નવી બનતી સાઈટ બ્લડ બેન્ક પાછળ સુવિધા ચાર રસ્તા પાલડી) તા.૨૩/૦૫/૨૦૨૩ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે સાયકલ ચલાવી સુવિધા ચાર રસ્તા પસાર કરી રહ્યા હતા ત્યારે ચાર્ટરેડ બસ નંબર એએસ ૦૧ પીસી ૭૮૬૨ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા શંકરભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર શંકરભાઈ પ્રજાપતિના પુત્ર આશિષ શંકરભાઈ પ્રજાપતિએ “એન” ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.પે.સાગઠીયા ચલાવે છે.

**ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૩૬/૨૦૨૩**

**નવરંગપુરાઃ** જયદીપભાઈ સ/ઓ નટવરલાલ પટેલ (ઉ.વ.૪૨) (રહે. આનિક એપાર્ટમેન્ટ એલ.જે.કોમર્સ કોલેજની બાજુમા વસ્ત્રાપુર) તા.૨૩/૦૫/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા આર્યા આર્કેડ નવી પાસપોર્ટ ઓફીસ ખાતે ચોથા માળે કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સજુભાઇ નારણભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૩૭/૨૦૨૩**

**રામોલઃ** આકાશ રાજુભાઇ મશરુ (ઉ.વ.૨૪) (રહે. ધર્મધ્યાન રેસીડેન્સી રામોલ ટોલ ટેક્ષ પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** કમલેશભાઈ કાંતિલાલ સોલંકી (ઉ.વ.૫૭) (રહે. સ્વામિનારાયણનગર વિભાગ-૨ રઘુવીર સોસાયટી સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા બાપુનગર પન્ના એસ્ટેટ રોડ પાસે ક્રિષ્ના એસ્ટેટ નામના કારખાના ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નારાયણ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી